# <u>ટેન્ડર ફોર્મ</u>

## <u>સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ</u>

(૧) કચેરીનું નામ : આચાર્યશ્રીની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ,રાજકોટ.

(૨) વિભાગનું નામ : સરકારી ઈજનેરી કોલેજ ના જુદા-જુદા વિભાગો.

લેબોરેટરીનું નામ: રાઇટ ઓફ રૂમ- સિવિલ વિભાગ રૂમ નં. E-113

(૩) નિવિદા ક્રમાંક : સઇકોરા/ સ્ટોર/રાઇટ ઓફ/૨૦૧૯-૨૦/________ તારીખ : __________

(૪) ટેન્ડર ફી: રૂ. ૧૦૦/- રસીદ નં. ______________ તારીખ : __________

(૫) ડીપોઝીટની રકમ રૂ. <u>૧૦૦૦/-</u>

ડી.ડી. નંબર : ____________ તારીખ : ______________

ઇસ્યૂ કરનાર બેંક : ________________________________________

(૬) પાર્ટીનું નામ : ____________________________________________________

સરનામું : ____________________________________________________

____________________________________________________

ફોન નંબર : ____________________ મોબાઇલ નંબર : ____________________

ટીન નંબર : ____________________

(૭) ટેન્ડર વેલીડીટી પીરીયડ : ૬ માસ

(૮) અધિકારીની સહી :

| વિભાગ ક્રમાંક | લોટ નંબર | આઇટમોનું વર્ણન | જથ્થો | હાલમાં જે જગ્યાએ આઇટમ પડેલ છે તે સ્થળ | પાર્ટીએ લોટ નં-૧ નો ભરેલ ભાવ (રૂ.) |
|---|---|---|---|---|---|
| સરકારી ઈજનેરી કોલેજના જુદા જુદા વિભાગ | ૧ | સ્પ્લીટ એ. સી. સાયન – ઓસીલોસ્કોપ ફર્નિચર | રાઇટ ઓફ રૂમ માં દર્શાવેલ લીસ્ટ મુજબ | રાઈટ ઓફ રૂમ<br>સિવિલ વિભાગ<br>રૂમ નં. E-113<br>પ્રથમ માળ | |

અંકે રૂપિયા (શબ્દોમાં)

ટેન્ડર ભરનારની સહી : ____________________

* ટેન્ડર ભરનાર પાર્ટીએ સંસ્થાના રાઇટ ઓફ રૂમમાં રહેલ ઉપર દર્શાવેલ આઇટમોના સિંગલ લોટ તરીકે ભાવ ભરવાના રહેશે.

Scanned by CamScanner

## સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ.

## ટેન્ડર ની શરતો

1. ટેન્ડર ફોર્મ અખબારી જાહેરાત આવ્યેથી દર્શાવેલ વેબસાઇટ કે રુબરૂમા મળશે. ટેન્ડર ફીની કિંમત રૂ. ૧૦૦/- છે, જે પરત ન આપવાની શરતે રુબરુ મા ટેન્દર લેનાર રોકડમાં આચાર્યશ્રીની કચેરીમાંથી સવારના ૧૧-૦૦ કલાક થી બપોરે ૦૧-૦૦ કલાક સુધીમાં ભરી પાવતી લઇ ટેન્ડર ફોર્મ, તેની શરતો સાથે લેવાના રહેશે. અથવા તો જે એજન્સી સંસ્થા ની વેબસાઇટ પર થી ડાઉનલોડ કરે તેને ટેન્ડર ફી કિમત રૂ. ૧૦૦/- નો ડિમાંડ ડ્રાફ્ટ "Principal Government Engineering College, Rajkot" ના નામનો ભરેલ ટેન્ડર ફોર્મ જમા કરાવતી વખતે આપવાનો રહેશે. આ ટેન્ડરની શરતો તે ટેન્ડર ફોર્મનો એક ભાગ છે. જેને પણ સહી સિક્કા કરીને ટેન્ડરની સાથે પરત આપવાના રહેશે.
2. ઓફર નિયત કરેલ સમય સુધીમાં પોસ્ટ કે રૂબરૂમાં સ્વીકારવામાં આવશે, ટેન્ડર ખોલતી વખતે ટેન્ડર ભરેલ પાર્ટી અથવા તેના અધિકૃત પ્રતિનીધિ અસલ પાવતી બતાવી હાજર રહી શકશે. ટેન્ડર ફોર્મ પોસ્ટ કે રુબરુ જમા કરાવવા માટેનું સરનામું, આચાર્યશ્રીની કચેરી, સરકારી ઈજનેરી કોલેજ, મવડી-કણકોટ રોડ, હનુમાન મંદિર પાસે, રાજકોટ – ૩૬૦૦૦૫ રહેશે.
3. ટેન્ડર માં મુકેલ માલ-સામાન રજાનાં દિવસ સિવાય આ કચેરીમાં સવારના ૧૧-૦૦ કલાક થી બપોરના ૦૧-૦૦ કલાક સુધી જોઇ શકાશે. (૨ જો ૪ થો શનિવાર, રવિવાર, રજા ના દિવસો સિવાય)
4. માલ જ્યાં છે ત્યાં જોવા નો રહેશે અને જે સ્થિતીમાં છે તે જ સ્થિતીમાં આપવામાં આવશે.
5. માલ-સામાન ઉપાડવા માટે જરૂરી સાધનો તેમજ લેબર તથા લેબરની સેફ્ટીના ખર્ચની સંપૂર્ણ જવાબદારી ખરીદનાર પેઢી અથવા વ્યક્તિની રહેશે.
6. જે પેઢી અથવા વ્યક્તિની ઓફર સ્વીકરવામાં આવશે તેને તેના જવાબદાર માણસોની હાજરીમાં જ માલ-સામાન ખોલવો તેમજ લોડ કરી લઇ જવાનો રહેશે. તે કામ સંસ્થાના કામકાજના સમય દરમ્યાન જ કરવાનું રહેશે. જે જવાબદાર માણસ હાજર રહેવાનો હોઇ તેના નામનો ઓથોરીટી લેટર ખરીદનારે આચાર્યશ્રી સમક્ષ રજૂ કરવાનો રહેશે.
7. જે પેઢી ને ટેન્ડર લાગશે, એ પેઢી એ માલ-સામાન માટે રૂ. ૧૦૦૦ ની અનામત રકમ, ડીપોઝીટ તરીકે ભરવાની રહેશે. જે રકમ નો ક્રોસ કરેલ ડિમાન્ડ ડ્રાફ્ટ "Principal Government Engineering College, Rajkot" ના નામનો કરાવીને સંસ્થા ખાતે જમા કરવાનો રહેશે. કામ સંતોષકારક રીતે પૂર્ણ કર્યે ડિપોજિટ ની રકમ પરત કરવામાં આવશે.
8. ઉંચા ભાવ મંજુર થયેલા ને જાણ કરવામા આવે ત્યારથી ૧૦(દસ) દિવસની અંદર પુરેપુરી રકમ રોકડેથી અથવા ક્રોસ કરેલ ડ્રાફ્ટ થી "Principal Government Engineering College, Rajkot" ને ભરવાની રહેશે. જો તેમ કરવામાં કસુર થશે તો ભાવ રદ બાતલ ગણવામાં આવશે અને અનામત રકમ જપ્ત કરવામાં આવશે. જે પેઢીનું ટેન્ડર મંજુર થયેલ હોઇ તેઓને માલ સામાન ઉપાડી ગયા બાદ તે અનામત રકમ પરત કરવામાં આવશે. પુરેપુરી રકમ ભરાઇ ગયા બાદ ૧૦(દસ) કામકાજના દિવસની અંદર કચેરી સમય

Scanned by CamScanner

દરમ્યાન માલ-સામાન તેમના ખર્ચે અને જોખમે જે તે જગ્યાએ થી જે તે સ્થિતીમાં હોઇ તે સ્થિતીમાં ઉપાડી જવાનો રહેશે.

9. માલ-સામાન ઉપાડતી વખતે સરકારી માલ મિલકતને કોઇપણ પ્રકારનું નુકશાન થશે તો નુકશાની પેટેની રકમ અનામતમાંથી વસુલ કરવામાં આવશે.
10. આંશિક જથ્થાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.
11. કોઇપણ ઊંચા ભાવ અગર તમામ ભાવો મંજુર કરવાના કે રદ કરવાના તમામ હકકો આ સંસ્થાના આચાર્યશ્રીને રહેશે. જેના માટે કોઇપણ પ્રકારના કારણો દર્શાવવામાં આવશે નહી.
12. કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય કોઈપણ ટેન્ડર, ટેન્ડર પ્રક્રિયા મંજૂર, નામંજૂર કે રદ કરવા અંગેની આખરી સત્તા આચાર્યશ્રી, સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ની રહેશે. ટેન્ડર ભરનારની કોઈપણ દલીલ કે વાંધા માન્ય રહેશે નહીં.
13. ટેન્ડર સીલબંધ કવરમાં મોકલવાનું રહેશે. સીલ વગરનું ટેન્ડર રદ ગણવામાં આવશે.
14. સીલ કરેલું કવર રજુ કરતી વખતે ટેન્ડર ફોર્મના ભરેલ રૂ. ૧૦૦/- ની પાવતી બતાવવાની રહેશે.
15. ભરેલા ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તા. ૨૯/૦૨/૨૦૨૦ સાંજના ૦૫:૦૦ કલાક સુધી પોસ્ટ અથવા રૂબરૂ થી આચાર્યશ્રીની કચેરી સરકારી ઈજનેરી કોલેજ, રાજકોટ ખાતે સ્વીકારવામાં આવશે. કવર પર " જુનો માલસામાન ૨૦૧૯-૨૦" દર્શાવવું.
16. ટેન્ડર ખોલવાની તારીખ તા: ૦૨/૦૩/૨૦૨૦, જેનો સમય: બપોરે ૦૩:૦૦ વાગ્યે, સ્થળ આચાર્યશ્રીની ચેમ્બર, સરકારી ઇજ્નેરી કોલેજ રાજકોટ.
17. ટેન્ડર ભરનાર પાર્ટીએ GSTIN નંબર તેમજ PAN કાર્ડ ની નકલ આપવાની રહેશે.

ટેન્ડર ભરનારની સહી:-

પૂરૂ નામ:- ____________________

સરનામું: ____________________

____________________

____________________

ટીન નંબર:- ____________________

ફોનનંબર:- ____________________

મોબાઇલ નંબર:- ____________________



Scanned by CamScanner